બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્નશરૂ થાય તે પહેલાં જ કરવી.**

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, તેરમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ કુશળકુંવરબા - મહારાજને (૧૪/૮૭)
➪ હાથી પર સોનાની અંબાડીમાં મહારાજની નગરયાત્રા કાઢી કુશળકુંવરબાએ મહારાજને પોતાના દરબારમાં પધરાવ્યા ત્યારે કહે છે.

૨. ➪ મહારાજ - કુરજી દવેને (૨૬/૧૩૬)
➪ રામાનંદ સ્વામી ભુજથી પીપલાણા પધાર્યા ત્યારે કુરજી દવે વધામણી લઈને લોજ આવ્યા હતા. ત્યારે સૌએ તેમને ભેટ આપી હતી. ત્યારે મહારાજે કહ્યું : 'અમે તમને અમારું અક્ષરધામ આપીશું.' તે પ્રસંગની યાદ અપાવી ગુણાતીતાનંદ સ્વામીની જૂનાગઢના મહંત તરીકે નીમણુંક કરે છે. ત્યારે કહે છે.

૩. ➪ રામાનંદ સ્વામી - મુક્તાનંદ સ્વામીને (૨/૧૬)
➪ સમાધિ પ્રકરણથી મનોમંથનમાં પડેલા મુક્તાનંદ સ્વામીને કાલવાણીમાં ખાખરાના વનમાં રામાનંદ સ્વામીએ દર્શન આપીને મહારાજનું સ્વરૂપ સમજાવતાં કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. પાતલભાઈની પત્નીએ રોતાં રોતાં મહારાજની માફી માગી. (૩/૨૨-૨૩)
જ. ભાડેર ગામમાં પાતલભાઈના ઘેર હરિભક્તો સાથે મહારાજ ગયા. તેમના પત્નીએ મહારાજને પવાલામાં દૂધ ધર્યું. મહારાજ દૂધના વખાણ કરતાં કરતાં ત્રણ પ્યાલા પી ગયા. પછી હરિભક્તો માટે છાશ લેવાં ગયા. છાશનું બોઘરણું ઉઘાડીને જોયું તો તેમાં દૂધ હતું. તેથી તેમને ખબર પડી કે મહારાજને ભૂલથી દૂધના બદલે છાશ પાઈ દીધી. તેથી પાતલભાઈના પત્નીએ મહારાજની માફી માંગી.

૨. સુંદરજી સુતારનો ગર્વ ઓગળી ગયો. (૭/૪૩)
જ. પાંચ, પચીસ કે પચાસ ગામના ધણી મહારાજનો કેવળ એક પત્ર વાંચીને ઝોળિયા પારેવાંની જેમ પડતું મૂકી, સાધુ થઈને ભુજ આવ્યા. આ જોઈને સુંદરજી સુતારની આંખમાં આંસુ આવી ગયા. તેમનો ગર્વ ઓગળી ગયો. તેઓ મરમમાં જ સમજી ગયા તેમણે મહારાજને બંધિયામાં કહેલા શબ્દો બદલ માફી માગી.

૩. શોભારામ ચાર દિવસમાં જ આંધળો થઈ ગયો. (૧૦/૬૪)
જ. સત્સંગી બળદેવભાઈના સમજાવવા છતાં અભિમાની શોભારામે કહ્યું તમારા સ્વામિનારાયણ ભગવાન સાચા હોય તો હું આઠ દહાડામાં આંધળો થઈ જાઉં. શોભારામ ચાર દિવસમાં જ આંધળો થયો.

**પ્ર.૩** 'આણંદમાં અપમાન' (૧૭/૯૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણાત્મક) (કુલ ગુણ : ૫)**

વરતાલમાં આણંદના કેટલાક હરિભક્તોએ મહારાજને આણંદ પધારવા પ્રાર્થના કરી. મહારાજે કહ્યું : 'ત્યાં દ્વેષી લોકો છે માટે અમે ભવિષ્યમાં ક્યારેક આવીશું.' હરિભક્તો દુઃખી થઈ ગયા ને આંખમાં આંસુ આવી ગયા. તેમણે મહારાજને ફરીથી વિનંતી કરી. તેમનો ભાવ જોઈ મહારાજે હા પાડી. મહારાજ શૂરવીર કાઠી દરબારો અને સંતોનો સંઘ લઈ આણંદ જવા નીકળ્યા. હરિભક્તોએ રસોઈ કરાવી. મહારાજ સંઘ લઈ આણંદ શહેરમાં પ્રવેશ્યા ત્યારે હરિભક્તોએ સામૈયું કર્યું. મતપંથીઓને આ વાતની જાણ થઈ તેઓ રોષે ભરાયા. મતપંથીઓને તેમની દાળ-રોટી હાથમાંથી ચાલી જતી લાગી. મહારાજે અગાઉથી હરિભક્તોને ચેતવણી આપી કે ક્ષમા ને ધીરજ ધરજો. ગાળ, અપમાન, તિરસ્કાર સહન કરજો. ચૌટામાં સંઘ આવ્યો ત્યારે અસુરોએ ગાળો તથા અપશબ્દો કહ્યાં. છાણા, ધૂળ, ઢેફાં, કાંકરા સંઘ પર નાંખ્યા. ભગુજી, દાદાખાચર, નાજા જોગિયાનો હાથ તલવાર પર ગયો. મહારાજે તેમને વાર્યા અને સહન કરવા કહ્યું. આખો સંઘ ગામ બહાર ગુંસાઈની જગ્યાએ વડ નીચે ઊભો રહ્યો. મહારાજ જમ્યા વગર બાકરોલ થઈ વરતાલ પાછા ગયા. સાંજે સભામાં મહારાજે કહ્યું : આપણે કેવી જીત કરી ? આપણે

સહન કર્યું અને સામા નથી થયા તેથી આપણી શોભા વધી છે. નહિં તો ધિંગાણું મચી જાત, કાવાદાવા થાત. આ બનાવની અસર આણંદ શહેરના આગેવાન લોકો ઉપર બહુ થઈ. ફરીથી આવું નહિ થવા દઈએ તેવી ખાતરી આપી. આણંદનું દ્વાર કાયમને માટે ખોલી આપ્યું.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે શિક્ષાપત્રી ક્યાં અને ક્યારે લખી ? (૨૫/૧૩૩)

જ. શ્રીજીમહારાજે શિક્ષાપત્રી વરતાલમાં સંવત ૧૮૮૨ના વસંતપંચમીના દિવસે લખી.

૨. શ્રીજીમહારાજની આજ્ઞાથી કોણે નરકના કુંડ ખાલી કર્યા ? (૧/૬)

જ. શ્રીજીમહારાજની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામીએ નરકના કુંડ ખાલી કર્યા.

૩. ગંગાબાએ સોનબાઈને શું કહ્યું ? (૧૪/૮૫)

જ. ગંગાબાએ સોનબાઈને કહ્યું : ‘તારાં દાળ-ચોખા હલકાં છે. માટે તું સાધુઓને જમાડજે મારા સારાં દાળ-ચોખામાંથી બનાવેલો થાળ હું મહારાજને જમાડવા આવીશ.’

૪. મુકતાનંદ સ્વામીનો વડોદરાનો વિજય કોણ સહન ન કરી શક્યું ? (૧૮/૯૮)

જ. મુકતાનંદ સ્વામીનો વડોદરાનો વિજય હર્યાનંદ અને નિર્વિકલ્પાનંદ સહન ન કરી શક્યા.

૫. શ્રીજીમહારાજે વિધવા સ્ત્રીઓને શું બિરુદ આપ્યું ? (૬/૩૯)

જ. શ્રીજીમહારાજે વિધવા સ્ત્રીઓને ‘સાંખ્યયોગી બાઈઓ’ એવું બિરુદ આપ્યું.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૪ (૫/૩૨-૩૩)     ૨. ૧, ૩ (૨૭/૧૩૮)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. હૃદય (૯/૬૦)     ૨. અરદેશરજી (૨૪/૧૨૩)     ૩. ઉમરેઠ (૮/૫૦)     ૪. કાકાભાઈ (૨૯/૧૫૦)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ મહારાજ - પરમહંસોને (૧/૪)

➪ સત્સંગિજીવન ગ્રંથમાં શ્રીજીમહારાજને બીજા અવતાર જેવા કેમ કહેવાય ? એવો નિત્યાનંદ સ્વામીનો મત હતો. જ્યારે બીજા સંતો અને સ્વયં શ્રીજીમહારાજે પણ તેમના મતથી વિરુદ્ધ પડીને તેઓને વિમુખ કર્યા તો પણ તેઓ પોતાના નિશ્ચયમાં પર્વતપ્રાય રહ્યા. આથી આઠમે દિવસે મહારાજ નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવી હાર આપતાં કહે છે.

૨. ➪ આચાર્ય મહારાજ (અયોધ્યાપ્રસાદજી મહારાજ) - સેવકોને (૪/૨૯)

➪ માનસી પૂજામાં બેઠેલા આચાર્ય મહારાજને વાંસામાં વીંછીએ ડંખ માર્યો પણ તેઓ ધ્યાનમાંથી વિચલિત ન થયા. માનસી પૂજાનો વિધિ પૂરો થયો પછી સેવકોને પૂછ્યું કે મારા વાંસામાં શું થયું છે ? સેવકોએ જોયું તો વાંસો લાલચોળ થઈ સૂજી ગયો હતો. ત્યારે સેવકોએ વીંછી જોયો ત્યારે કહે છે.

૩. ➪ કૃષ્ણજી અદા - જ્ઞાનજી સ્વામી (યોગીજી મહારાજ)ને (૮/૬૬)

➪ પોતાની અંતિમ અવસ્થામાં સાત દિવસની પારાયણ રાખી હતી. તેમાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીને પણ તેડાવ્યા હતા. તેઓ આવ્યા ત્યારે જ્ઞાનજી સ્વામીને પાસે બોલાવીને કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. પ્રેમાનંદ સ્વામીએ કીર્તન રચ્યું ‘માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી... નથી જાતી દરબારમાંથી ઘોડી.’ (૬/૪૪)

જ. મહારાજ સાથે લાડુબા, જીવુબા તથા અન્ય સ્ત્રીઓ જવા માટે તૈયાર થયા. મહારાજે ના પાડી ને ઘોડી ઉપર બેસી કાઠીઓ સાથે નીકળી ગયા પણ ઘોડી ગઢડાને સીમાડેથી પાછી વળીને દરબારમાં આવીને ઊભી રહી. ત્યારે માણકી ઘોડીને ચલાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ તે આગળ ચાલી જ નહીં. તેથી મહારાજે કહ્યું : ‘આ ડોશીઓ ઘોડીની વૃત્તિ ખેંચી રાખે છે.’ તેથી મહારાજે તેમને સાથે આવવાની હા પાડી ત્યારે માણકી ઘોડી ચાલી. તેથી પ્રેમાનંદ સ્વામીએ તે ઉપર કીર્તન બનાવ્યું.

૨. આચાર્ય રઘુવીરજી મહારાજે રાજી થઈને જાગા ભગતને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. (૭/૫૧)

જ. સાંખડાવદરના બીડમાં ખડ સાચવવા રહેલા જાગા ભક્તને બોલાવીને સ્વામીશ્રીએ તેમની ઓળખાણ કરાવતાં રઘુવીરજી મહારાજને કહ્યું : ‘આ જાગા ભક્ત અમારી આજ્ઞાથી સમૈયાનો કે દર્શનનો લોભ છોડીને સત્તર દિવસ સુધી બીડ સાચવવા રહ્યા. આ વાત સાંભળી રાજી થયેલા આચાર્ય મહારાજે તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યા અને મળ્યા.

**પ્ર.૯** ‘કૃષ્ણજી અદા દ્વારા અક્ષરપુરુષોત્તમ ઉપાસના’ (૮/૬૩) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

રાજકોટ મંદિરમાં કૃષ્ણજી અદા સવાર-સાંજ નિયમિત કથાવાર્તા કરતા. તેમની સબીજ અને સર્વદેશી વાતોથી જૂનાગઢના મોટા મોટા સદ્‌ગુરુઓ પણ તેમનો મહિમા સમજતા. તેમની વાતોમાં ‘સ્વામી અક્ષર અને મહારાજ પુરુષોત્તમ છે’ એવી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ સમજણનો પ્રવાહ આવતો. શાસ્ત્રીજી મહારાજની વધતી જતી મહત્તા જોઈ રાગ દ્વેષયુક્ત સંત-હરિભક્તોને ન ગમ્યું. સૌએ તેમનું અપમાન કરવાનો નિર્ધાર કર્યો. શાસ્ત્રીજી મહારાજને રાજકોટ મંદિરમાં ન રહેવા દેવા જોઈએ એવું નિવેદન તૈયાર કર્યું અને આગેવાન સંત હરિભક્તોની સહી કરાવી. આ વખતે તેમણે આ ખરડામાં સહી કરી નહિ પણ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હિમરાજભાઈએ સહી કરી તો અત્યંત સ્નેહી હોવા છતાં તેમની સાથેનો સંબંધ કાપી નાખ્યો અને શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખ્યો. પોતાને ત્યાં આવતા હરિભક્તોને તેઓ કહેતાં ‘શાસ્ત્રીજી મહારાજ જેવા ત્યાગી સાધુ બેય દેશમાં નથી. સો માથાં જતાં કરીને પણ શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવો જોઈએ એવા એ સાધુ છે.’ જૂનાગઢથી નીકળેલા સંતો રાજકોટમાં અદાને ઘેર રહ્યા અને અદાનો સાથ હોવાની રાજકોટ મંદિરમાં જાણ થતાં અદાને મંદિરમાં આવવાની બંધી થઈ. અદાની પ્રેરણાથી જ શાસ્ત્રીજી મહારાજે વરતાલ છોડ્યું ને સૌ પ્રથમ મંદિર બોચાસણમાં કરી મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમની ધાતુની મૂર્તિઓ પધરાવી. પછી અદા પોતાના શિષ્યોને બોચાસણ જવા કહેતા : અક્ષરપુરુષોત્તમનું જે જ્ઞાન અત્યાર સુધી ખૂણિયું હતું તે હવે ચરોતરના ચોકમાં ગાજવા લાગ્યું છે. માટે જેને અક્ષર-પુરુષોત્તમની છડે ચોક વાત કરવી - સાંભળવી હોય તો બોચાસણ જવું. તેમની ઇચ્છાથી સંવત ૧૯૬૫માં બોચાસણમાં ‘સ્વામીની વાતું’ નું પારાયણ ગોઠવવામાં આવ્યું હતું.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** ☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જાગા ભક્તને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા પ્રથમ વાર કોણે સમજાવેલો ? (૭/૪૯)

**જ.** જાગા ભક્તને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા પ્રથમ વાર ગોપાળાનંદ સ્વામીએ સમજાવેલો.

૨. શ્રીજીમહારાજે લાડુબાને ત્યાં સૌથી પહેલા કોને જમવા મોકલ્યા ? (૬/૪૩)

**જ.** શ્રીજીમહારાજે લાડુબાને ત્યાં સૌથી પહેલા સચ્ચિદાનંદ સ્વામીને જમવા મોકલ્યા.

૩. શ્રીજીમહારાજે ગઢપુરમાં કઈ જગ્યાએ મંદિર બનાવવા પ્રથમ સંકલ્પ કરેલો ? (૫/૩૮)

**જ.** શ્રીજીમહારાજે ગઢપુરમાં ઘેલા નદીને કાંઠે ટેકરા ઉપરની જગ્યાએ મંદિર બનાવવા પ્રથમ સંકલ્પ કરેલો.

૪. પ્રેમાનંદ સ્વામીનું કયું પદ સાંભળી શ્રીજીમહારાજને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાનો વિચાર આવ્યો ? (૨/૧૩)

**જ.** પ્રેમાનંદ સ્વામીનું ‘વંદુ સહજાનંદ ...’ પદ સાંભળી શ્રીજીમહારાજને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાનો વિચાર આવ્યો.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય તથા સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : શુધ્ધ ઉપાસનાના પ્રવર્તનમાં જાગાભક્તનો ફાળો (૭/૫૧)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૨ | ૫ | ૭ | ૯ | ૧૦ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૫ | ૨ | ૭ | ૧૨ | ૧૦ | ૯ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરો: જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમ: ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

☞ **નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **મુકુંદાનંદ વર્ણી (મૂળજી બ્રહ્મચારી) :** તેઓ ઉનાળાના સખત તાપમાં ઉઘાડા પગે ચાલીને ગઢડા આવ્યા. શ્રીજીમહારાજ આગળ કેરીનો ટોપલો મૂક્યો. પગે લાગીને ‘જય સ્વામીનારાયણ’ કહ્યા. (૩/૨૩)

૨. **ભક્તરાજ દાદાખાચર :** દાદાખાચર તો પોતે મહારાજની આજ્ઞાથી સાંખ્ય વર્તમાન પાળતાં હતાં. અને તેમના મનમાં જગતની લેશપણ વાસના ન હતી. પણ મહારાજના અતિ આગ્રહથી ફરી પરણવા પોતે સંમત થયા. (૫/૩૮)

૩. **ભક્તરાજ લાડુબા :** મહારાજે ભેંશની કિંમત સો રૂપિયાની આંકી. પછી ભગુજી ભેંશ દોરીને દરબારમાં લઈ આવ્યા ને લાડુબાએ ભેંશની કિંમત રાજી થઈને ચૂકવી દીધી. (૬/૪૪)

૪. **સ્વામી જાગા ભક્ત :** મેં આખા હિન્દુસ્તાનમાં યાત્રા કરી છે, મોટાં મોટાં મંદિરો જોયાં છે, પણ આવી દૈવી શાંતિનો અનુભવ થયો નથી. તે શાંતિ આ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના સંગથી થાય છે. (૭/૫૬)

(વિભાગ - ૩ : નિબંધ)

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. પ્રમુખસ્વામી મહારાજની જીવનભાવના - બીજાના સુખમાં આપણું સુખ :** (૧) દરેક માનવની જીવનભાવના વિવિધ પ્રકારની - પણ તેમાં સ્વામીશ્રીની જીવનભાવના તદ્દન નિરાળી (૨) 'બીજાના સુખમાં આપણું સુખ' એ સ્વામીશ્રીની જીવનભાવના. જે વ્યક્તિ બીજાને સુખી કરે તે આપોઆપ સુખી થાય જ. (પ્રસંગો) (૩) સ્વામીશ્રી પોતાની આ જીવનભાવનાને ચરિતાર્થ કરવા માટે - બીજાને સુખી કરવા માટે રાતદિવસ પ્રવૃત્તિમાં રત રહે છે. (પ્રસંગો) (૪) મુમુક્ષુઓને, હરિભક્તોને રાજી રાખવા માટે, સુખી કરવા માટે સ્વામીશ્રીએ રાત-દિવસ, ઋતુઓની પ્રતિકૂળતા જોયાં નથી (પ્રસંગો) કેમ કરીને હરિભક્તો તેમજ મુમુક્ષુ જીવો સુખી થાય તેવી ભાવનાથી સતત વિચરણ - પધરામણી, પત્રલેખનમાં વ્યસ્ત જ રહ્યા છે. (પ્રસંગો) (૫) બીજાને સુખી કરવા માટે સ્વામીશ્રીએ પોતાનો દેહ, પોતાનું જીવન કૃષ્ણાર્પણ, દેહને ગણકાર્યો નથી. કુદરતી આપત્તિ, સામાજિક આપત્તિ, મુમુક્ષુ જીવોના પ્રશ્નો, મૂંઝવણો, મુશ્કેલીઓમાં સ્વામીશ્રીએ દરેકની પડખે રહ્યા છે. દેહને ખાસડાં જેવું ગણીને દેહ પાસે કામ લીધું છે. (૬) આમ બીજાના સુખમાં આપણું સુખ એટલે સ્વામીશ્રીની દૃષ્ટિએ બીજાને સુખી કરવાથી આપણા પર ઈષ્ટદેવનો રાજીપો ઉતરે અને તેથી આપણે સુખી થઈએ. (૭) આવી અજોડ ભાવનાને જીવનમાં મુખ્યપણે સ્થાન આપનાર સ્વામીશ્રી જ માત્ર એક વિરલ પુરુષ છે. - ઉપસંહાર.

**૨. અક્ષરધામ - જીવન પરિવર્તનનો સંદેશ :** (૧) 'અક્ષરધામ' શબ્દ વાંચતાં જ કે કાને પડતાં જ નજર સમક્ષ ગુલાબી આરસનું સુંદર મંદિર દૃષ્ટિગોચર થઈ જાય. (૨) સૌથી પ્રથમ તો દર્શનાર્થીને આશ્ચર્ય થાય કે ફક્ત પાંચ જ વર્ષમાં આટલું સુંદર સર્જન થઈ શકે ? આટલું જાણ્યાથી જ પરિવર્તનનું બીજ દર્શનાર્થીમાં પડી જાય. (૩) જેમ જેમ યાત્રી, મુમુક્ષુ જીવો કે હરિભક્ત અક્ષરધામમાં અલગ અલગ દૃષ્ટિકોણથી દર્શન કરતો જાય તેમ તેમ જીવનપરિવર્તનનું બીજ અંકુરિત થતું જાય. (પ્રસંગો) (૪) કોઈપણ ધર્મનો અનુયાયી, કોઈપણ સંસ્થા સાથે સંકળાયેલ વ્યક્તિ, દેશ-વિદેશના મહાનુભાવો, ધર્માચાર્યો દરેકે-દરેક અક્ષરધામથી પ્રભાવિત (પ્રસંગો) (૫) વૈજ્ઞાનિક દર્શન કરે તેને વૈજ્ઞાનિક દૃષ્ટિ સાંપડે, મેનેજમેન્ટની દૃષ્ટિ વાળાને કુશળ મેનેજમેન્ટ દેખાય, કલાકારને કલાનાં દર્શન, ધાર્મિક વૃત્તિવાળા મુમુક્ષુ જીવોને ભગવાનમાં આસ્થા વધે, શ્રદ્ધા જાગ્રત થાય, ભારતીય સંસ્કૃતિનું ગૌરવ જાગે, અસ્મિતા જાગે. (પ્રસંગો) (૬) અક્ષરધામમાં દર્શન કરીને કેટલાય લોકોએ વ્યસનો મૂક્યાં, અહિંસાધર્મ અપનાવ્યો. દરેક દર્શનાર્થી કંઈ ને કંઈક સંદેશો લઈને જ જાય. આમ, અક્ષરધામનાં દર્શનથી જીવનમાં પરિવર્તન આવે છે. તેથી જ અક્ષરધામ જીવનપરિવર્તનનો સંદેશ આપે છે. (૭) ૨૦૦૨માં ગાંધીનગર અક્ષરધામ પર આંતકવાદી હુમલો થયો છતાં તે પછી ત્રણ વર્ષ બાદ જ તે અક્ષરધામ કરતાં ચારગણું સંકુલ ખડું કરી દેવું તે જીવનપરિવર્તનનો મોટામાં મોટો સંદેશ જ છે ને !

**૩. પૂનર્જન્મનો પ્રાચીન ભારતીય સૂર્ય :** (૧) હિંદુ ધર્મની ચાર મુખ્ય માન્યતાઓ - તેમાંની એક પુનર્જન્મવાદ. પશ્ચિમના દેશો હિંદુ ધર્મની આ માન્યતાને હસી કાઢે પણ આ સિદ્ધાંત સાચો જ છે. (૨) જે પશ્ચિમના દેશોમાં આ માન્યતા - પુનર્જન્મના સિદ્ધાંતની માન્યતાનું ખંડન કરવામાં આવતું તે જ પશ્ચિમના દેશોમાં આ માન્યતાનો સ્વીકાર - અમેરિકન સામયિક ન્યુઝવીકના જાન્યુઆરી-૨૦૦૮ના અંકમાં એક વિશિષ્ટ ઘટનાની વાત - સાયન્ટોલોજીના પિતામહ ગણાતા એલ.ટોન.હર્બડનો પુનર્જન્મ તેની પુત્રી સૂરી રૂપે થયો છે. - ખ્રિસ્તી ધર્મમાં, સમાજમાં આ વાતથી ઉહાપોહ (૩) ભલે પશ્ચિમમાં અમેરિકામાં અમુક વર્ગમાં આ વાત ન સ્વીકારાય. પરંતુ ૨૫ થી ૨૯ વર્ષના ૪૦% યુવા પેઢી પુનર્જન્મમાં માને છે. ગેલય પોલના સર્વેક્ષણના તારણ મુજબ અમેરિકામાં ૭ કરોડ ૨૦ લાખ અમેરિકનો પુનર્જન્મમાં માને છે. (કુલ વસ્તીના ૨૫%) (૪) ઈંગ્લેન્ડની નેશનલ ફૂટબોલ ટીમના પ્રશસ્ત ખેલાડી હેડલીનો 'ધ ટાઈમ્સમાં ઈન્ટરવ્યુ' - મંદ બુદ્ધિના બાળકો અને ખોડખાંપણવાળા બાળકોનું જન્મવું એ પૂર્વજન્મનું કર્મ છે. બ્રિટનના રૂઢિચુસ્ત વર્ગનો આ બાબતમાં વિરોધ - છતાં હેડલીએ પોતાની માન્યતામાં પીછેહઠ કરી નથી. (૫) પુનર્જન્મનો આ સિદ્ધાંત (શબ્દ) માર્કેટીંગથી મેનેજમેન્ટ સુધી જગુઆર મોટર કંપનીની જાહેરાતમાં 'પુનર્જન્મ શબ્દ' નો પ્રયોગ - પશ્ચિમની ફિલ્મોમાં પણ આ શબ્દનો આકર્ષક થીમ તરીકે ઉપયોગ. (૬) આ રીતે પશ્ચિમની ફક્ત આમ જનતા જ નહિ પણ વિજ્ઞાનીઓનું જૂથ પણ આ બાબતમાં શ્રદ્ધા ધરાવે છે. આ બાબતની જાહેરાતો ઈન્ટરનેટ તથા પ્રસાર માધ્યમોમાં શરૂ થઈ છે. (૭) આમ પુનર્જન્મનો પ્રાચીન સૂર્ય પશ્ચિમમાં અજવાળાં પાથરી રહ્યો છે. (પ્રસંગો) - ઉપસંહાર.

❑ ❑ ❑